GJMR010002412026

સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૦૪–૦૨–૨૦૨૬
રજીસ્ટરે લીધા તારીખ : ૦૪–૦૨–૨૦૨૬
નિકાલ તારીખ : ૧૮–૦૩–૨૦૨૬
સમયગાળો: વર્ષ– ૦૦ માસ– ૦૧ દિવસ– ૧૪

# મોરબી જીલ્લાના સત્ર ન્યાયાધીશશ્રીની અદાલતમાં, મુકામ–મોરબી.

**ફોજદારી રીવીઝન અરજી નં.૧૦/૨૦૨૬**

**આંક–**

**મુતવા જુનસ ઉમેદઅલી**
ઉ.વ.:–૬૫, ધંધો:–પશુપાલન તથા પશુ લે–
વેચ અને દુધનો વેપાર
રહે.ધોરડો, ગૌરેવલી, તા.ભુજ, જી.કચ્છ અરજદાર/મુળ ફરીયાદી

–::વિરૂદ્ધ::–

**ધી સ્ટેટ ઓફ ગુજરાત,**
ટંકારા પોલીસ સ્ટેશનના પી.આઇ.
શ્રી કે.એમ.છાસીયા મારફતે સામાવાળા/મુળ આરોપી

---

**બાબત:– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ મુજબ પાડા જીવ નંગ–૧૯ તથા પાડી જીવ નંગ–૨ તેમ પશુ જીવ નંગ–૨૧ પરત મેળવવા માટેની રીવીઝન અરજી**

---

**અરજદાર શ્રી સરકાર તરફે વિદ્વાન સરકારી વકિલશ્રી એસ.એ.સુમરા**
**સામાવાળા તરફે વિદ્વાન સરકારી વકિલશ્રી વી.સી.જાની**

---

## –:: ઠરાવ ::–

**૧.** અરજદારે હાલની આ રીવીઝન અરજી હળવદના વિદ્વાન એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૪/ ૨૦૨૫, હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૧૨૫૦૪૪૮ /૨૦૨૫, પશુ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનીયમની કલમ–૧૧(૧) (ડી), ૧૧(૧)(ઇ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ) તથા જી.પી. એકટની કલમ–૧૧૯ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૫૪ ના કામે મુદામાલ પાડા જીવ નંગ–૧૯ તથા પાડી જીવ નંગર–૨ તેમ પશુ

જીવ નંગ–૨૧ પરત મેળવવા કરેલ અરજી તળે તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ સામે દાખલ કરેલ છે. હાલની અરજી, બન્ને પક્ષકારોના વ.શ્રીઓની દલીલ તથા આંક–૬ થી રજુ થયેલ લેખિત દલીલ વંચાણે લીધી.

**૨.** અરજદાર તરફે તેમના વિ.વ.શ્રી એસ.એ.સુમરા આંક–૬ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે અને વધુમાં એવી રજુઆત કરેલ છે અરજદાર ઉપર અરજીમાં જણાવલ સરનામે રહી પશુપાલન, પશુ ઉછેર તથા દૂધના વ્યવસાય દ્વારા જીવન નિર્વાહ કરે છે. અરજદારની સ્વતંત્ર માલિકીના કુલ પશુ જીવ નંગ ૨૧ (પાડા ૧૯ તથા પાડી ૨) છે. અરજદાર વર્ષોથી પશુપાલન કાર્ય સાથે સંકળાયેલા છે અને બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠન રજી. નં. એફ/૧૯૩૨ ના સદસ્ય છે, જે અંગે ઓળખકાર્ડ તથા પ્રમાણપત્ર ધરાવે છે. અરજદાર પોતાના માલિકીના પશુઓ અમદાવાદ માર્કેટમાં વેચાણ માટે કાયદેસર રીતે લઈ જતા હતા. તે સમયે હળવદ પાસે પોલીસે માત્ર શંકાના આધારે ગુનો નોંધાવી પશુઓ કબજે કર્યા છે. અરજદાર દ્વારા પશુઓ પર કોઈ ક્રૂરતા આચરવામાં આવી નથી, તેઓ પશુઓને કતલખાને લઈ જતા નહોતા તથા કોઈ ગેરકાયદેસર સાધનો પણ મળ્યા નથી. આ બાબત પોલીસ મુદામાલ પાવતી તથા રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે. સદર પશુઓ અંગે અરજદાર સિવાય કોઈ અન્ય વ્યક્તિએ માલિકીનો દાવો કર્યો નથી. તપાસ અધિકારીએ પણ પશુઓ તપાસ માટે જરૂરી નથી તથા પરત આપવાથી કેસને નુકસાન નહીં થાય તેવો અભિપ્રાય આપેલ છે. તેમ છતાં ટ્રાયલ કોર્ટે ક્રી.પ્રો.કોડ કલમ ૪૫૧ થી ૪૫૭ની જોગવાઈઓ અવગણી અરજદારની અરજી નામંજૂર કરેલ છે, જે ગેરકાયદેસર અને કાયદાના સિદ્ધાંતો વિરુદ્ધ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ મુજબ મુદામાલ પશુઓનો કબજો તેના વાસ્તવિક માલિકને જ સોંપવાનો હોય છે અને પાંજરાપોળને કોઈ પ્રાથમિક હક્ક નથી. તેમજ પશુઓને લાંબા સમય

સુધી કબ્જામાં રાખવાથી તેમની હાલત બગડે છે અને અરજદારને પારાવાર નુકસાન થાય છે. આથી, ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી, હળવદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૯૦૦૧૨૫૦૪૪૮/૨૦૨૫ હેઠળ કબજે કરેલ કુલ પશુ જીવ નંગ ૨૧ અરજદારને યોગ્ય શરતોને આધીન પરત સોંપવા હુકમ કરવા અરજ કરેલ છે.

૨. આ કામે સરકારશ્રી વિદ્બાન સરકારી વકિલશ્રી વી.સી.જાની દ્બારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર દ્બારા રજૂ કરવામાં આવેલ હકીકતો સ્વીકાર્ય નથી અને સદર કેસમાં પોલીસે યોગ્ય રીતે તથા કાયદેસરની પ્રક્રિયા અનુસરી કાર્યવાહી કરેલ છે. પ્રાથમિક દ્રષ્ટિએ જોતા, પશુઓને વાહનમાં લઈ જવાની પરિસ્થિતિ શંકાસ્પદ જણાતા પોલીસે સદર ગુનો નોંધ્યો છે. વધુમાં દલીલ કરવામાં આવે છે કે, પશુઓના પરિવહન દરમ્યાન પશુઓની સુરક્ષા, આરોગ્ય તથા કાયદામાં નિર્ધારિત નિયમોનું પાલન થયેલ છે કે નહીં તે બાબતની તપાસ જરૂરી છે. આ તબક્કે પશુઓને અરજદારને પરત સોંપવાથી તપાસ ઉપર પ્રતિકૂળ અસર પડી શકે છે અને કેસની સચ્ચાઈ બહાર લાવવામાં અડચણ ઊભી થઈ શકે છે. સરકારપક્ષ દ્બારા વધુમાં રજૂ કરવામાં આવે છે કે, પશુઓ પ્રત્યે ક્રૂરતા અંગેની બાબતો તપાસ હેઠળ છે અને તે અંગે અંતિમ નિષ્કર્ષ હજુ આવ્યો નથી. માત્ર એટલા આધારે કે કોઈ સાધનો મળ્યા નથી અથવા અરજદાર દ્બારા ઈન્કાર કરવામાં આવ્યો છે, તે આધારે અરજદારને તાત્કાલિક મુદામાલ પરત સોંપી શકાય નહીં. આ ઉપરાંત, ટ્રાયલ કોર્ટે ઉપલબ્ધ પુરાવાઓ અને કેસની પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈ યોગ્ય રીતે અરજદારની અરજી નામંજૂર કરેલ છે, જેમાં કોઈ ગેરકાયદેસરતા કે કાયદાના સિદ્ધાંતોનો ભંગ થયો નથી. આથી, અરજદારની અરજીમાં કોઈ તથ્ય ન હોવાથી, ટ્રાયલ કોર્ટ દ્બારા આપવામાં આવેલ હુકમ યથાવત રાખી અરજદારની અરજી રદ કરવા વિનંતી કરવામાં આવેલ છે.

**૩.** આ રીવીઝન અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થાય છે.

**<u>–::મુદ્દા:: –</u>**

૧. શું હળવદના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૪/૨૦૨૫, હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૧૨૫૦૪૪૮/૨૦૨૫, પશુ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનીયમની કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઇ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ) તથા જી.પી.એકટની કલમ–૧૧૯ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૫૪ ના કામે મુદામાલ પાડા જીવ નંગ–૧૯ તથા પાડી જીવ નંગર–૨ તેમ પશુ જીવ નંગ–૨૧ પરત મેળવવા કરેલ અરજી તળે તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ ખોટો, ભુલભરેલો, અયોગ્ય, ગેરકાયદેસર અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરુધ્ધનો છે? અને શું તે ચુકાદામાં આ અદાલત ધ્વારા કોઈ હસ્તક્ષેપ કરવાપાત્ર કેસ છે?

૨. શું હુકમ ?

**૪.** ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે જણાવ્યા મુજબના છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**<u>–// નિર્ણયના કારણો //–</u>**

**<u>મુદ્દા નં. ૧:–</u>**

**૫.** અદાલત સમક્ષ ઉપલબ્ધ રેકોર્ડ, બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલ શ્રીઓની દલીલો તથા લેખિત રજૂઆતોને ધ્યાને લીધી. અરજદાર પોતે સદર મુદામાલ પશુઓના કાયદેસર માલિક છે. અરજદારે પોતાના

માલિકીના પુરાવા તરીકે ઓળખકાર્ડ, પ્રમાણપત્ર તેમજ પશુપાલન વ્યવસાય સાથે લાંબા સમયથી સંકળાયેલા હોવાના દસ્તાવેજો રજૂ કર્યા છે, જેનો સરકારપક્ષ દ્વારા કોઈ મજબૂત વિરોધ કરવામાં આવ્યો નથી. વધુમાં, સદર પશુઓ અંગે અરજદાર સિવાય અન્ય કોઈ વ્યક્તિએ માલિકી હકનો દાવો પણ કર્યો નથી, જે બાબત અરજદારની અરજીની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં પશુઓ જીવંત પ્રાણી હોવાને કારણે તેમને લાંબા સમય સુધી પાંજરાપોળ અથવા સરકારી કબજામાં રાખવાથી તેમના આરોગ્ય તથા જીવન પર પ્રતિકૂળ અસર પડી શકે છે. માનનીય ઉચ્ચ અદાલતો દ્વારા પણ અનેક ચુકાદાઓમાં એવું નિર્દેશિત કરવામાં આવ્યું છે કે, જીવંત મુદામાલ (પશુઓ)ને લાંબા સમય સુધી કબજામાં રાખવું યોગ્ય નથી અને તે તેમના માલિકને યોગ્ય શરતોને આધીન પરત સોંપવા જોઈએ. સરકારપક્ષ દ્વારા કરવામાં આવેલ દલીલો કે તપાસ ઉપર પ્રતિકૂળ અસર પડશે તે માત્ર અનુમાન પર આધારિત છે અને તે માટે કોઈ ઠોસ પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. આથી, ઉપરોક્ત તમામ પરિસ્થિતિ ઓને ધ્યાનમાં લેતા અદાલતના મત મુજબ ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલ હુકમ તથ્ય તથા કાયદાની દ્રષ્ટિએ અયોગ્ય, ગેરકાયદેસર તથા કાયદાના સ્થાપિત સિદ્ધાંતોના વિરુદ્ધનો જણાય છે અને તેમાં આ અદાલત દ્વારા હસ્તક્ષેપ કરવો જરૂરી બને છે. નામદાર સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય– ૨૦૦૩ (૧), જી.એલ.એચ. પાના નં. ૩૦૭ નાં ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ મુદામાલને અનાવશ્યક રીતે કબજામાં રાખવાને બદલે યોગ્ય વ્યક્તિને યોગ્ય શરતો સાથે તાત્કાલિક પરત સોંપવો જોઈએ. વધુમાં હાલમાં સદર મુદામાલ પશુઓ પાંજરાપોળમાં રાખવામાં આવેલ તેથી અરજદારને સદર પશુઓ પરત સોંપતા પહેલા પાંજરાપોળમાં પશુઓના નિર્વાહ, ખોરાક, સારવાર તથા જાળવણી માટે થયેલ ખર્ચ બાબતે પાંજરાપોળ સંચાલક દ્વારા નક્કી કરવામાં

આવેલ યોગ્ય ફી/ચાર્જીસ ભરવા અરજદાર બંધનકર્તા રહેશે. અરજદાર દ્વારા આવી ફી ભર્યાનો પુરાવો રજૂ કર્યા બાદ, સદર મુદામાલ પશુ જીવ નંગ–૨૧ અરજદારને યોગ્ય શરતોને આધીન પરત સોંપવા હુકમ કરવામાં આવે તો તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયી હોવાનું આ અદાલતનું માનવું છે. આમ, અરજદારની રીવીઝન અરજી મંજુર કરવા પાત્ર હોય અને સદર મુદામાલ પશુઓ અરજદારને યોગ્ય શરતોને આધીન પરત સોંપવા યોગ્ય રહેશે જેથી મુદા નં.૧ નો જવાબ તે રીતે **હકારમાં** આપવામાં આવે છે અને હાલની રીવીઝન અરજી મંજુર કરતો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

**૧.** આ કામના અરજદાર **મુતવા જુનસ ઉમેદઅલી** ની હાલની રીવીઝન અરજી મંજુર કરવામાં આવે છે અને હળવદના વિદ્વાન એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૪/૨૦૨૫, હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૦૦૧૨૫૦૪૪૮ /૨૦૨૫, પશુ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનીયમની કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઇ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ) તથા જી.પી. એકટની કલમ–૧૧૯ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૫૪ ના કામે મુદામાલ પાડા જીવ નંગ–૧૯ તથા પાડી જીવ નંગર–૨ તેમ પશુ જીવ નંગ–૨૧ પરત મેળવવા કરેલ અરજી તળે તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામના અરજદારને મુદામાલ પશુ પાડા જીવ નંગ–૧૯ તથા પાડી જીવ નંગ–૨ તેમ કુલ પશુ જીવ નંગ–૨૧ પંચનામામાં જણાવેલ કિંમત થી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા નીચેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધીન વાહન અરજદારને બી.એન.એસ.એસ. ની કલમ–૪૩૮ અન્વયે વચગાળાની કસ્ટડીમાં પરત સોંપવું.

**<u>શરતો:-</u>**

૧. અરજદારે પાંજરાપોળમાં સદર પશુઓના જતન, ખોરાક અને સારવાર માટે થયેલ ખર્ચ મુજબની નક્કી કરાયેલ ફી ભરવાની રહેશે અને તે અંગેનો પુરાવો રજૂ કરવો રહેશે.

૨. અરજદારે યોગ્ય બોન્ડ અને ખાતરી (સિક્યોરિટી) અદાલત સમક્ષ આપવાની રહેશે કે, સદર પશુઓ જરૂર પડે ત્યારે અદાલત સમક્ષ રજૂ કરશે.

૩. અરજદાર પશુઓની યોગ્ય સંભાળ રાખશે અને તેમની સાથે કોઈ પ્રકારની ક્રૂરતા આચરશે નહીં તથા કાયદાના નિયમોનું પાલન કરશે.

૪. અરજદાર સદર પશુઓને વેચાણ, હસ્તાંતરણ અથવા અન્ય રીતે વિતરણ અદાલતની પૂર્વ મંજૂરી વિના કરશે નહીં.

આ હુકમ આજરોજ તારીખ : ૧૮ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- મોરબી
તા.૧૮/૦૩/૨૦૨૬

**(કમલ રસીકલાલ પંડ્યા)**
ઈ.ચા.સત્ર ન્યાયાધીશ, મોરબી.
(કોડ નં.જીજે૦૦૭૩૯)

**//NDB//**